



મકરસંક્રાંતિ. ઉત્તરાયણ નજીક છે. આ દિવસ સૂર્ય ભગવાનનો છે તેથી આ પવિત્ર-પાવન દિવસમાં સૂર્ય ગ્રહના દોષોને કારણે અથવા સૂર્ય નબળો હોય તો તેનો ઉપાય કરવાથી ખૂબ જ રાહત રહે છે.

શુ તમે સરકારી અવરોધ, જૂઠા દોષારોપણ, કોર્ટ કચેરીથી વગેરેથી પરેશાન છો?

શું તમે કર્જ, દેવું, ઋણથી પરેશાન છો?

શું તમે હૃદય રોગ, નેત્ર (આંખ)ના રોગ, પેટવિકાર, કુષ્ઠ રોગ, સફેદ ડાઘ, કોઢ વગેરેથી પરેશાન છો?

શું તમારા પિતા સાથે તમારે વૈચારિક મતભેદ, કારણે જ મનુષ્ય ભ્રમિત થઈને એવો નિર્ણય લે છે. એવો માર્ગ પસંદ કરે છે જેના પર ચાલવાથી તેને અસફળતા જ હાથ લાગે છે. એટલે જરૂર છે આ વિપરીત પ્રભાવને ઓછો કરવાની. જેના માટે આપણી પાસે એક નહીં. અનેક રસ્તાઓ ખુલ્લા છે. અનેક ઉપાયો પણ સામે પડયા છે. આ ઉપાયોને આપણા પૂર્વજોએ ભેગા કરીને પુરાણો, ગ્રંથો વગેરે સ્વરૂપે આપણને આપ્યા છે.

'દ્વાદશ આદિત્ય' એટલે કે સૂર્યનાં 12 રૂપ છે અને તેની પૂજા-અર્ચનાથી વ્યક્તિનાં જુદા જુદા મનોરથો પૂર્ણ કરે છે.

જે પ્રકારે ભગવાન સૂર્યનાં જુદાં જુદાં સ્વરૂપોની




# સરકારી બંધન.. ખોટા દોષારોપણ... હૃદયરોગમાં વિશેષ ઉપયોગી

મતભેદ છે?

શું તમે શનિની સાડા સાતી અથવા પનોતીથી પીડિત છો?

શું તમે તેજસ્વિતા, ઐશ્વર્ય, આરોગ્ય તેમ જ લક્ષ્મી પ્રાપ્ત કરવા ઈચ્છો છો? શું તમે નોકરીમાં પ્રમોશન, અધિકારોમાં વધારો ઈચ્છો છો?

જો હા હોય તો એક સમાધાન છેઃ દ્વાદશ આદિત્ય કવચ.

**સાક્ષાત્ સૂર્ય દેવનું ચમત્કારિક આ કવચ મકર સંક્રાંતિમાં પવિત્ર સૂર્ય દિવસમાં ધારણ કરવાથી બધી જ સમસ્યાઓમાંથી જલદીથી છુટકારો મળે છે**

જી. હા, એક વર્ષમાં 12 મહિના હોય છે. જ્યોતિષમાં 12 રાશિઓ હોય છે. સૂર્ય દરેક રાશિમાં એક મહિના સુધી રહે છે. આ પ્રકારે 'સૂર્ય' 12 મહિનામાં 12 રાશિઓ પર ભ્રમણ કરીને દરેક જાતકને તેના ગ્રહો અનુસાર શુભ-અશુભ પ્રભાવ આપે છે.

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

સૂર્ય અનુકૂળ તેમ જ શુભ હોય ત્યારે રાજ્યની કૃપા અધિકારીઓનો સ્નેહ, અધિકાર તેમ જ ઐશ્વર્ય મળે છે.

પરંતુ જ્યારે સૂર્ય પ્રતિકૂળ તેમ જ અશુભ હોય ત્યારે કુષ્ઠ રોગ, હૃદયરોગ, રાજ્ય નડતર, સરકારી દોષારોપણ, પદ અધિકારોથી વંચિત રહેવું. ખોટું દોષારોપણ, આરોપ-પ્રતિ આરોપ, કોર્ટ-કચેરીના બાબતમાં ફસાઈ જવું વગેરે છે. શરીરમાં કોઢ પણ નીકળે છે.

આજનો મનુષ્ય દિવસ રાત દોડી રહ્યો છે. તેને દિવસ-રાત ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. બસ તે ભાગતો જ રહે છે. પોતાના ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. પોતાનું ભવિષ્ય સુધારવા માટે બસ તે ભાગતો જ રહે છે. પરંતુ અફસોસ એ વાતનો છે કે, ભવિષ્ય સુધારવું ફક્ત મનુષ્યના હાથમાં નથી. તેના માટે તેનું ભાગ્ય, તેનો ઈશ્વર, તેના ગ્રહો પણ સાથ આપે ત્યારે તે સમસ્યાઓમાંથી મુક્ત થઈ શકે છે.

વ્યક્તિનું દુઃખી થવામાં જેટલો હાથ તેના દુર્ભાગ્યનો છે એટલો જ પ્રભાવ જે - તે સંબંધિત ગ્રહનો પણ છે.

કુંડળીમાં બેઠેલા ગ્રહોનો ઊંધા-ખોટા પ્રભાવના

પૂજા-ઉપાસનાથી સાધકની દરેક મનોકામનાઓ પૂર્ણ થાય છે એ રીતે ભગવાન સૂર્યના બધા અવતારોના લાભ એક સાથે મળે એવી ભાવનાને ધ્યાનમાં રાખીને દ્વાદશ આદિત્ય કવચનું નિર્માણ કરવામાં આવે છે.

સમસ્ત દેવતાઓના મુખિયા ભગવાન સૂર્ય પોતાના અવતારોથી સંપૂર્ણ જગતને ધારણ કરવા તથા બધાને કર્મ-જગતમાં પ્રેરિત કરવા માટે વંદનીય છે. એક એક ક્ષણ અને એક કણને પોતાની લીલાથી નિયંત્રિત કરવાવાળા ભગવાન સૂર્ય ફક્ત સવારે, મધ્યાહ્ન સાંજે રજ-તમ-સતનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ સંપૂર્ણ ગુણોના ધારક બ્રહ્મા, વિષ્ણુ તેમ જ મહેશના રૂપમાં દરરોજ નિરંતર જીવ-જગતનું કલ્યાણ કરે છે. પોતાની કૃપા કોઈ પણ જાતના ભેદભાવ વગર બધા ઉપર સરખી રીતે ઊતારે છે. ભગવાન સૂર્ય તો એટલા દયાળુ છે કે અર્ઘ્ય તેમ જ નમસ્કાર માત્રથી જ પોતાનાં ભકતોને વશમાં થઈ જાય છે.

ભગવાન સૂર્ય તો પ્રત્યક્ષ દેવતા છે.

સર્યની ઉપાસના કરવા માત્રથી જ મનુષ્યને બધા રોગોમાંથી છુટકારો મળી જાય છે.

જે સૂર્યની ઉપાસના કરે છે તે ઈહલોક અને પરલોકમાં પણ અંધ, દરિદ્ર, દુઃખી અને શોકગ્રસ્ત નથી થતા! શ્રી વિષ્ણુ અને શિવ વગેરે દેવતાઓનાં દર્શન બધાં લોકોને નથી થતાં. ધ્યાનમાં જ તેમનાં સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકાય છે. પરંતુ સૂર્ય પ્રત્યક્ષ દેવતા માનવામાં આવે છે.



# પ્રયાગરાજ મહાકુંભમાં જે શ્રદ્ધાળુઓએ સ્નાન નથી કર્યું... તેમના માટે બીજો એક દુર્લભ અવસર છે: માઘ મેળો

પ્રયાગરાજનો 'માઘ મેળો' 2026 એક ઐતિહાસિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ રીતે યોજાશે. આ એ જ મેળો છે જે '144 વર્ષો બાદ આયોજિત મહાકુંભ 2025' પછી તરત જ પહેલી વાર થાય છે. એ કારણે તે 'પહેલું અમૃત સ્નાન' માનવામાં આવે છે. જે કારણે શ્રદ્ધાળુઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે.

**આ માઘ મેળો વિશેષ કેમ છે?**

તે મહાકુંભ 2025 પછી તરત જ થાય છે તેથી તેની પવિત્રતા અને મહત્ત્વ કેટલાંય ઘણું વધી જાય છે. 'જે શ્રદ્ધાળુઓએ મહાકુંભમાં સ્નાન નથી કર્યું તેમના માટે આ એક બીજો દુર્લભ અવસર છે. જ્યાં ડૂબકી મારવાથી અમૃત ફળની પ્રાપ્તિ થવાનું મનાય છે. આ વખતે મેળામાં સરકાર, સાધુ-સંત, સંઘ અને અખાડા પરિષદ ખાસ સક્રિય છે. સનાતન સંસ્કૃતિની પુનઃસ્થાપના અને હિન્દુ ધર્મના રક્ષણ માટે આયોજિત એક સાંસ્કૃતિક ક્રાંતિની જેમ જોવામાં આવે છે.

**મોદી-યોગીનું નેતૃત્વ અને સંત સમાજનું આહ્વાન**

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં આ મેળો ફક્ત એક ધાર્મિક આયોજન નથી, પરંતુ રાષ્ટ્ર અને ધર્મની ચેતનાનું પુનઃજાગરણ છે. સંત સમાજ ધર્માચાર્ય, સંન્યાસીઓ અને લાખો કલ્પવાસીઓના સાંનિધ્યમાં આ આયોજન એક 'વૈદિક ઊર્જાનું કેન્દ્ર બનશે.

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

**અનુમાનિત ભીડઃ 15થી 20 કરોડ શ્રદ્ધાળુ**

આ વખતે પ્રયાગરાજ માઘ મેળામાં 15 થી 20 કરોડ શ્રદ્ધાળુ આવવાની શક્યતા છે. જે 'વિશ્વનો સૌથી મોટો ધાર્મિક જનસમાગમ બની શકે છે. દેશમાંથી જ નહીં, વિદેશોનાં પણ લાખો શ્રદ્ધાળુઓ આ આયોજનમાં ભાગ લેશે. સરકારે પણ વ્યવસ્થા એ પ્રકારે તૈયારી કરી છે.

**મુખ્ય સ્નાન તિથિઓ**

પોષ પૂર્ણિમા : 3 જાન્યુઆરી 2026

**તા.3 જાન્યુઆરી 2026થી તા. 15 ફેબ્રુઆરી 2026 સુધી 44 દિવસના આ માઘ મેળામાં દેશ-વિદેશનાં 15 થી 20 કરોડ શ્રદ્ધાળુઓ સ્નાન કરશે**

મકરસંક્રાતિઃ 14 જાન્યુઆરી 2026
મૌની અમાસ (મુખ્ય સ્નાન) 18 જાન્યુઆરી 2026
વસંત પંચમી : 23 ફેબ્રુઆરી 2026
માઘી પૂર્ણિમાઃ 12 ફેબ્રુઆરી 2026
મહાશિવરાત્રી 15 ફેબ્રુઆરી 2 026

**કલ્પવાસ અને તપસ્યા**

સંગમ તટ પર રહેતા કલ્પવાસી એક મહિના સુધી સંયમ, સેવા અને સાધનામાં જીવન પસાર કરે છે. આ જીવન શૈલી 'આત્માની શુદ્ધિ અને મોક્ષ તરફનું પગલું માનવામાં આવે છે.

**પ્રયાગરાજમાં ફરી બનશે ઇતિહાસ**

**માઘ મેળો 2026માં મહાકુંભ જેવી તૈયારીઓ થઇ રહી છે!**

સંગમની રેત એક વાર ફરીથી આસ્થાની ગૂંજથી ભરવા તૈયાર છે. પ્રયાગરાજમાં દર વર્ષે થતો માઘ મેળો આવતા મહિને શરૂ થશે. પરંતુ આ વખતે તેનું સ્વરૂપ પહેલાંથી બિલકુલ અલગ તેમ જ ઘણું ભવ્ય હશે. મહાકુંભ બાદ સંગમ તટ પર શ્રદ્ધાળુઓની અવર-જવર સતત ચાલુ જ રહી છે અને હવે માઘ મેળામાં કરોડો લોકો પહોંચવાની આશા છે. આ કારણે સરકાર આ આયોજનને સાધારણ નહીં, પરંતુ મહાકુંભ 2025 જેવી દિવ્યતા આપવાની તૈયારીમાં જોડાઈ ગઈ છે. પ્રયાગરાજનો માઘ મેળો સદીઓ જૂની પરંપરાનું પ્રતીક છે. માઘ મહિનામાં સંગમના કિનારે શ્રદ્ધા, સંયમ અને નિયમની સાથે જીવન જીવવાની પરંપરા દર વર્ષે જીવંત થઈ જાય છે. લાખો શ્રદ્ધાળુ સંગમમાં સ્નાન કરે છે અને કલ્પવાસ માટે આખો મહિનો વિતાવે છે. તેના માટે સરકાર દર વર્ષે સંગમના રેતીવાળા મેદાનમાં એક અસ્થાયી શહેર વસાવે છે, જ્યાં રહેવાની, ખાવાની, સારવાર, રક્ષણ અને સ્વચ્છતા જેવી બધી જરૂરી સુવિધાઓ રાખે છે. 'પ્રયાગરાજ મહાકુંભ'ને યુનેસ્કો દ્વારા 'માનવતાની અમૃત સાંસ્કૃતિક વિરાસત'નો દરજ્જો મળ્યા બાદ અહીંયા આવતાં શ્રદ્ધાળુઓ અને પર્યટકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ જ કારણે 3 જાન્યુઆરી 2026થી શરૂ થનાર માઘ મેળાને પણ આંતરરાષ્ટ્રીય સ્તર પર ઓળખ આપવાની તૈયારી કરવામાં આવી રહી છે.3 જાન્યુઆરી 2026થી 15 ફેબ્રુઆરી 2026 સુધી સંગમની પાવન ભૂમિ પર શ્રદ્ધા, સંસ્કૃતિ અને સાધનાનો ઉત્સવ.

**સાત સેક્ટર, સાત રંગ. ઇન્દ્રધનુષી આભા**

માઘ મેળાના વિસ્તારને 7 સેક્ટરોમાં વિભાજીત કરવામાં આવ્યો છે. દરેક સેક્ટરને રેમ્બોના અલગ રંગોની ઓળખ આપી છે. દરેક સેક્ટરને વેલકમ ગેટ એ જ રંગમાં તૈયાર કર્યો છે. સેક્ટરોની બ્રાઉન્ડ્રી વોલ પર 3 ફૂટ પહોળી સીમાંકન પટ્ટી બનાવવામાં આવી છે. જેના પર ઉત્તરપ્રદેશ સરકારને અને માઘ મેળાનો લોગો બનાવ્યો છે. આવું ફક્ત મેળા વિસ્તારને વ્યવસ્થિત દેખાડવા માટે નથી કર્યું, પરંતુ શ્રદ્ધાળુઓને સેક્ટર ઓળખવા માટે પણ સરળ રહેશે.

**પાંટૂન પુલ પ્રવેશ દ્વાર અને નૌકાઓ પર પણ 7ની છાપ**

મેળા વિસ્તારમાં સંગમ પર ખાસ કરીને 7 પાંટૂન પુલ બનાવવામાં આવ્યા છે. બાદમાં ફાફામઉમાં બનેલા ગંગાના પુલના દબાણને ઓછું કરવા માટે 2 વધારે પાંટૂન પુલ બનાવવાનો નિર્ણય લીધો છે. સંગમ માટે વિસ્તારમાં બનેલા સાતેય પાંટૂન પુલોની પણ ઊર્જાનાં સાત ચક્રોથી જોડાયેલા અલગ-અલગ રંગોમાં સજાવવામાં આવ્યા છે. પુલો પર કેનોપી પણ લગાડવામાં આવશે. જેનાથી સ્ટ્રક્ચરલ સેફ્ટીની સાથે સૌદર્ય પણ વધશે. એલઈડી લાઈટથી સજાયેલા થાંભલા પર ધાર્મિક પ્રતીકોવાળા ઝંડા લગાડ્યા છે, જે દિવસે અને રાત્રે બંને સમયે આકર્ષણનું કેન્દ્ર રહેશે.

**નાવ પર પણ સપ્તરંગી એલઇડી છત્રીઓ**

સંગમ પર ચાલતી નાવોને પણ સપ્ત રંગોની એલઈડીવાળી છત્રીઓથી સજાવવામાં આવી છે. આ છત્રીઓ બેટરીથી ચાલતી એલઈડી લાઈટ્સથી લેસ રહેશે. આ અમ્બ્રેલા પર માઘ મેળાની બ્રેડિંગ હશે. નદીમાં સૌથી વધુ દેખાતી સપ્તરંગી નાવો મેળાની સ્પેશિયલ ઓળખ તેમ જ શ્રદ્ધાળુઓને એક નવો અનુભવ આપશે.

**ચેન્જિંગ રૂમ પણ કલર કોડ આધારિત હશે**

પહેલી વાર ઘાટોના કિનારે બનેલા ચેન્જિંગ રૂમ પણ કલર કોડ પર આધારિત હશે.

તેની સાથે જ સંગમના પાણીમાં ફુવારા મૂકવામાં આવશે. જેને સાત રંગોમાં સજાવવામાં આવશે. રાતના સમયે આ ફાઉન્ટેન દૂરથી જ સપ્તરંગી જલધારાના રૂપે દેખાશે. રાતના આ ફાઉન્ટનની જલધારા 7 રંગોની રોશનીથી શ્રદ્ધાળુઓની આંખોને સુકુન આપશે અને અનુભવને સ્પેશિયલ બનાવવાનું કામ કરશે.

**સ્માર્ટ ટ્રાફિક પ્લાન**

શ્રદ્ધાળુઓની અવરજવરને સુગમ બનાવવા માટે માઘ મેળામાં 5200થી વધારે સાઈનેજ મૂકવામાં આવશે. આ સાઈનેજોનું ચિહ્નાંકન ડાયવર્જન પોઈન્ટ, જનપદીય સીમા, પાર્કિંગ અને હોલ્ડિંગ એરિયા, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, મુખ્ય ચાર રસ્તા અને મેળાના વિસ્તારની સીમાઓ પર મૂકવામાં આવશે. આ સિવાય જનપથની બહાર બનાવવામાં આવેલા ડાયવર્જન પોઈન્ટ પર પણ સ્પષ્ટ દિશાસૂચક સાઈનેજ મૂકવામાં આવશે. જેથી શ્રદ્ધાળુઓને શહેરમાં પ્રવેશ પહેલાંથી જ સાચા માર્ગની જાણકારી મળી શકે.

**7 અંકની થીમ મુજબ 7 સેક્ટરઃ 7 દરવાજા, 7 પાંટૂન પુલ, નૌકાઓ પર 7ની છાપ.. 7 રંગોનું ફાઉન્ટન, સંગમ પર ચાલતી નાવોને પણ 7 રંગોની એલઇડીવાળી છત્રીઓથી સજાવટ.**

**સાતેય માર્ગો પર રંગોથી રસ્તાની ઓળખ થશે**

પ્રયાગરાજ જવાના 7 મુખ્ય માર્ગો પર સાઈનેજની અલગ અલગ રંગોની કોડિંગ થશે. જૈનપુર માર્ગ પર ગ્રે... વારાણસી માર્ગ પર મસ્ટર્ડ... મિરજાપુર અને સોનભદ્ર માર્ગ પર ગુલાબી... રીવા અને સતના માર્ગ પર વાયોલેટ.. કાનપુર અને કૌશાંલી માર્ગ પર પીળો.. લખનઉ માર્ગ પર ભૂરા રંગના સાઈનેજ મૂકવામાં આવશે. તેની સાથે સાથે જ સિમ્બોલિંક સાઈનનો પણ ઉપયોગ થશે. જેથી વાંચવામાં અસમર્થ શ્રદ્ધાળુ પણ સરળતાથી દિશા સમજી શકે છે. પાર્કિંગ, હોલ્ડિંગ એરિયા અને મહત્ત્વનાં સ્થાનો પર મેળા હેલ્પલાઈન, ઈમરજન્સી નંબર અને અધિકારીઓનો સંપર્ક નંબર પણ અંકિત થશે.

સપ્તાંકથી થીમ રંગોની ક્લિયર ઓળખ અને સ્માર્ટ ટ્રાફિક વ્યવસ્થાને કારણે માઘ મેળો 2026 ફક્ત આધ્યાત્મિક અનુભવ જ આપશે, એવું નથી પરંતુ દેશ-વિદેશથી આવતાં શ્રદ્ધાળુઓ માટે યાદગાર અને સુવિધાજનક પણ બનશે.

# મારા પતિ પોતાના કામથી કામ રાખે છે.. તેમને તો બસ પૈસા સાથે જ પ્રેમ છે તેમને મારા માટે સમય જ નથી! તેથી મારી જિંદગી બોરિંગ લાગે છે

**સમસ્યા : મારો પરિવારમાં ઝઘડાના કારણે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. હું ઇચ્છું કે રિઝલ્ટ મારા હિતમાં જ આવે. તેના માટે મારે કયું કવચ પહેરવું સારું રહેશે અથવા કોઇ અન્ય ઉપાય હોય તો જણાવશો.**

**સમાધાનઃ** તમારે દ્વાદશ આદિત્ય કવચ તેમ જ બગલામુખી કવચ ધારણ કરવું શુભ રહેશે. આ સિવાય તમે સંપૂર્ણ બગલામુખી યંત્રનો પણ ઉપાય કરી શકો છો.

**સમસ્યાઃ મેં એક વર્ષથી પહેલાં મારા મિત્રને પૈસા ઉછીના આપ્યા હતા. પરંતુ હવે તે પાછા આપવા માટે તૈયાર જ નથી. બીજી તરફ હવે તો મિત્રતા પણ તૂટી ગઇ છે. મારા પૈસા પાછા આવી જાય તેના માટે તમે કોઇ ઉપાય જણાવો.**

**સમાધાન :** તમારે ધનદા યક્ષિણી કવચ ધારણ કરવું જોઇએ.

**સમસ્યા : મારી ઓફિસમાં મારા સાથી કર્મચારી મારી સાથે કોઇને કોઇ વાત પર ઝઘડા કરતા જ રહે છે. મને ત્યાંથી કાઢવા ઇચ્છે છે. પરંતુ હું મારા કામથી કામ રાખું છું. પરંતુ આગળ આવું ના ચાલે તેના માટે મને કોઇ ઉપાય બતાવો.**

**સમાધાન :** તમારે દસ મહાવિદ્યા કવચ તેમ જ કાલયક્ષ વશીકરણ કવચ ધારણ કરવું જોઇએ. આ ઉપરાંત તમારે બજરંગ બાણનો એક પાઠ કરીને પછી જ ઓફિસ જવું.

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

**સમસ્યા : હું કોમ્પીટિશનની તૈયારી કરી રહ્યો છું. પરંતુ તેમાં દર વખતે થોડાક નંબરોથી પાછળ રહી જાઉં છું. મને એવું કોઇ કવચ કે તાવીજ બતાવો કે જેનાથી હું પોતાની સફળતાને પ્રાપ્ત કરી શકું.**

**સમાધાન :** તમારે ત્રિવેણી કવચ તેમ જ અષ્ટવિનાયક કવચ ધારણ કરવું ઘણું શુભ રહેશે. તમે દરરોજ સવારે સૂર્યોદય પહેલાં જ ઓમ ધૃણી સૂર્યા નમઃ નો જપ આરંભ કરી દો. એ પછી તે જપ નિયમિત કરતા રહો.

**સમસ્યા : મારી પત્નીને એલર્જીની સમસ્યા છે. તેને લોટથી પણ એલર્જી છે. ઘરનાં દરેક કામમાં ડસ્ટ હોય છે. મારી પત્ની પણ પોતાની સમસ્યાથી પરેશાન થઇ ગઇ છે. ઘણી સારવાર કરાવી પરંતુ ફરક પડતો જ નથી. મેં તમારા વિશે ઘણું સાંભળ્યું છે. કૃપા કરીને હવે તમે તેનું સમાધાન કરો.**

**સમાધાનઃ** તમારા શ્રીમતીજીને એકાદશ રુદ્ર કવચ તેમ જ ધન્વંતરી કવચ ધારણ કરાવવું જોઇએ. સાથે જ દરરોજ સૂર્યનારાયણને અર્ધ્ય આપવો તેમ જ શિવલિંગ પર અત્તર ભેગું કરીને પાણી ચઢાવવું જોઇએ. ત્યાર બાદ બિલીપત્ર અર્પણ ચઢાવવાનો પણ નિયમ કરવો જોઇએ.

**સમસ્યાઃ હું જે કંઇ પણ કમાઉં છું તે ટકતું નથી. કોઇ ને કોઇ પ્રકારે ખર્ચ થઇ જ જાય છે. કયારેક બાળકોની બીમારીઓ પાછળ, તો કયારેક કોઇ બીજો ખર્ચ તૈયાર થઇ જ જાય છે. એવામાં ભવિષ્ય માટે કંઇક સેવિંગ પણ નથી કરી શકતો.**

**સમાધાનઃ** તમારે અષ્ટલક્ષ્મી કવચ તેમ જ ધનકુબેર કવચ ધારણ કરવું જોઇએ. જો શક્ય હોય તો દરરોજ સવારે કે સાંજે શ્રીસૂકતનો પાઠ કરવો.

**સમસ્યા : મારો પુત્ર અત્યારે આઠ વર્ષનો છે. અને તે બીજાં બાળકોની જેમ હોંશિયાર નથી. હું તેને ખૂબ ભણાવું છું અને ભણે છે પણ સારું. પરંતુ તે એકઝામ પણ બરાબર રીતે ધ્યાન આપી શકતો નથી. તે સમયે ભણાવેલું બધું જ ભૂલી જાય છે. તેની જિંદગીમાં શું લખ્યું છે? મારા બેટા માટે તમે કોઇ સમાધાન બતાવો.**

**સમાધાન :** તેને સરસ્વતી કવચ તેમ જ મહા મૃત્યુંજય કવચ ધારણ કરાવો.



**સમસ્યાઃ મારા ઘરની આર્થિક સ્થિતિ અત્યારે ખરાબ ચાલી રહી છે. મેં એક લોન પણ લીધી છે. જેમાં હપતો ઘણો મોટો છે. એ હાલ કામ પણ ઘણું છે. મારી આ સમસ્યાનું સમાધાન શું છે.**

**સમાધાન :** તમારે ઋણહર્તા કવચ તેમ જ લક્ષ્મીનારાયણ કવચ ધારણ કરવું જોઇએ.

**સમસ્યા : મારા છોકરાનો લગ્ન યોગ છે કે નહીં? મારો છોકરો એક ખાનગી કંપનીમાં કામ કરે છે. તેને જયારે પણ લગ્ન માટે કહીએ છીએ ત્યારે તે આનાકાની કરે છે અને તેને પૂછી પણ લીધું છે કે તને કોઇ પસંદ છે. તો કહી દે... મને અને મારી પત્નીને આવામાં ઘણી વધારે ચિંતા થાય છે.**

**સમાધાન :** તમારા પુત્રને ગૌરી-શંકર રુદ્રાક્ષ અથવા શિવ-ગૌરી કવચ તેમ જ કામ અનંગ ધારણ કરાવો. જેનાથી ઝડપથી લગ્ન યોગ થઇ જશે.

**સમસ્યાઃ મારા પતિ પોતાના કામથી કામ રાખે છે. તેમને તો બસ પૈસા સાથે જ પ્રેમ છે. તેમને મારા માટે સમય જ નથી. જેના કારણે મને પોતાની જિંદગી બોરિંગ જેવી લાગે છે. મારા માટે જે ઉચિત સમાધાન હોય તે જણાવશો.**

**સમાધાનઃ** બહેન....તમે સૌંદર્ય આકર્ષણ સંમોહન કવચ તેમ જ કામ અનંગ કવચ ધારણ કરો. જો શક્ય હોય તો તમારા સૂવાના રૂમમાં સંપૂર્ણ દામ્પત્યસુખ પિરામિડ મૂકો.

**સમસ્યાઃ હું અત્યારે વોર્ડનો સભ્ય છું. અને આગળ આવનારી ચૂંટણીમાં લડવા ઇચ્છું છું. જેના માટે હું અત્યારથી પ્રયાસ કરી રહ્યો છું. હું એવી પ્રસિદ્ધિ મેળવવા ઇચ્છું છું કે.. હું જયાં પણ જાઉં તો લોકો મને સન્માન આપે. એટલા માટે મને કોઇ ઉચિત સમાધાન બતાવો.**

**સમાધાન :** તમારે રોજ સૂર્ય નારાયણ ભગવાનના દર્શન કરવાં જોઇએ. 'સૂર્યનું રિયલ રત્ન માણેક' પણ ધારણ કરવું જોઇએ. વધુમાં તમારે ગળામાં ત્રિવેણી કવચ તેમ જ 'જગત વશીકરણ કવચ' પણ ધારણ કરવું શુભ રહેશે. આટલો ઉપાય કરવાથી ઘણી સફળતા મળશે.

**સમસ્યાઃ મેં હાલ નવો વ્યવસાય શરૂ કર્યો છે. પરંતુ વ્યવસાયમાં જે લાભ માટે મેં વિચાર્યું હતું તે મુજબ થતો નથી. વેપારમાં તરત લાભ થઇ શકે એવો કોઇ ઉપાય જણાવશો.**

**સમાધાન :** તમારે અષ્ટલક્ષ્મી કવચ અને ધન-કુબેર કવચ ગળામાં ધારણ કરવું જોઇએ. જેથી લક્ષ્મી કૃપા ખૂબજ થશે.